**Registration No.: CC/ 101709/2019**
**Filing No.: CC/ 101709/2019**
**Filed On: 14/11/2019**
**Registered On : 14/11/2019**
**Decided on : 08/02/2020**
**Duration: dd/mm/yy**

**IN THE COURT OF ADD.CHEIF METROPOLITAN MAGI.COURT NO.1 AT.AHMEDABAD**

**CRIMINAL CASE NO. 101709 OF 2019.**

**CC/ 101709/2019** **Exh.4**

**Complainant**:

1. **The state of Gujarat**

**VERSUS**

**Accused**:

1. **Ikram Sharafatali Mansuri**
   **Age: 25, Occupation: Driving ,**
   **Reside At: Hina park,Near Nilofar ro-house,**
   **Vatva kenal,Vatva,**
   **Ahmedabad , Dist.Ahmedabad.**

Appearance :
Miss. Mekvan A.P. P. For Complainant 1,
No Advocate For Accused 1 ,

---

**ગુનોઃ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબ.**

## –: JUDGEMENT :–

(૧) **ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે** આ કામના આરોપીએ તા. ૧૩/૦૮/૨૦૧૯ ના કલાક ૧૨.૦૦ વાગે પોતાની ઓટોરીક્ષાનં. જી.જે.૧.ડીવાય.૫૪૯૬ ની લોટસ સ્કુલ આગળ રાખી આવતા જતા રાહદારી ટ્રાફીકને અડચણ થાય તેમ કરી રાખેલ હોઇ તે અંગે ફરિયાદીએ ફરિયાદ આપતાં તે અંગે ઇસનપુરપો. સ્ટે. સે.ગુ.ર.નં.૩૨૫૯/૧૯ નો ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબનો ગુનો કરેલ જે અંગે તપાસના અંતે ત.ક.અધિ.શ્રીએ ક્રિ.પો.કોડની કલમ–૧૭૩(૨)તળે ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીને સંમશ કાઢતાં બજી જતાં આરોપી હાજર થતાં તેમને વિના મુલ્યે નકલો પુરી પાડયાની ખાતરી થતાં મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપી સામે આંક.૨ થી પ્લી લેતાં ગુનો કબુલ હોવાનું જણાવેલ.

(૩) આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થતા અગાઉ આરોપીનાએ ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ ગુનો છે અને તેમના કુંટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે રહેલ છે તેવી રજુઆત કરેલ છે. આરોપીના ગુનો કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજાની જોગવાઇ સમજાવતા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહેલ છે જેથી તે ન માનવાને કોઇ કારણ નથી આથી આરોપીને હવે ઇ.પી.કો.ની કલમ–૨૮૩ તળેના ગુના સબબ તકસીરવાન ઠરાવવામા આવે છે. અને આરોપીને સજા અંગે સાંભળતા આ તેમનો પ્રથમ ગુનો છે અને ગરીબવર્ગના હોવાનું જણાવેલ છે.આથી તે રજુઆત જોતાં, આરોપીનો પ્રથમગુનો હોઇ કાયદાનુસાર મહત્મ સજા ન કરતા હળવી કરવામા આવેતો ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ છે. આથી વિશેષ ચર્ચા ન કરતાં મુદ્દાનં.૧ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવીને રૂ.૧૦૦/–(એકસો રૂપિયા પુરા)નો દંડ કરવામાં આવે છે જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાયતો દિન–૧૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૮/૦૨/૨૦૨૦ ના રોજ માં સ્પેશીયલ સીટીંગ/ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date . 08/02/2020**

**Place :**
**SPECIAL SITTING , AHMEADABAD**

**MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI**
**GJ–00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEADABAD**